## અનુદાન માટેની માગણીના સંબંધમાં રીત
## (નિયમ-૨૨૬)

સચિવ : તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક: 3૯

માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી,

મંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૮૨,૮૦,૦૬,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂ.૩૯,૨૪,૯૧,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૩૯ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧ થી ૧૫)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક: ૪૦

માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી,

મંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૪૮,૧૯,૩૭,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂ.૩,૫૪,૫૩,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૪૦ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧૬ થી ૧૮)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : ન્યાયતંત્રને વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની માગણી ક્રમાંક: ૬૦

માનનીય કાયદા મંત્રીશ્રી,

મંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રને વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂ.૧૯,૫૫,૮૧,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂ.૪૦,૯૭,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૬૦ રજૂ કરૂ છું.

અધ્યક્ષ : માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. (૧૯ થી ૨૩)

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

ત્યાર બાદ સભ્યશ્રીઓના વકતવ્યો

બંને પક્ષના દંડક તરફથી મળેલ યાદી મુજબ

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ ..........................................

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ ..........................................

મંત્રી : છેલ્લે મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપશે.

## અનુદાન માટેની માગણીઓ પર મતદાન સંબંધમાં રીત

અધ્યક્ષ : હવે હું પહેલા માગણીઓ પરની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત માટે મૂકીશ. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે. (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. રજૂ થયેલ તમામ કાપ દરખાસ્તો નામંજૂર કરવામાં આવે છે.

અધ્યક્ષ : હવે હું માગણીઓ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે, માગણી ક્રમાંક: ૩૯, ૪૦ અને ૬૦ મંજૂર રાખવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે. મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે. (થોડી વાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. માગણીઓ મંજૂર કરવામાં આવે છે.

(બેઠક સમાપ્તિની જાહેરાત)